| PUBLICATION NAME : | Prabhat |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 25/07/2023 |
| PAGE : | 3 |

## રિસર્ચ એન્ડ ઈન્ફોર્મેશન સિસ્ટમ ફોર ડેવલપિંગ કંટ્રીઝના સહયોગમાં

# ઈડીઆઈઆઈએ ઈનોવેશન અને ટ્વેન્ટી ફર્સ્ટ સેન્ચુરી સ્કીલ પર Y-20 ઈન્ડિયા બ્રેઈનસ્ટોર્મિંગ સેશનનું આયોજન કર્યું

યુવાનોને જોડવાના અને ભારતની વાય૨૦ પ્રેસિડેન્સીમાં તેમની સક્રિય ભાગીદારી મેળવવાના પ્રયાસોના ભાગરૂપે, આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (ઈડીઆઈઆઈ), અમદાવાદે રિસર્ચ એન્ડ ઈન્ફોર્મેશન સિસ્ટમ ફોર ડેવલપિંગ કંટ્રીઝ (RIS)ના સહયોગમાં ફ્યુચર ઓફ વર્કઃ ઈન્ડસ્ટ્રી ૪.૦, ઈનોવેશન અને ટ્વેન્ટીફર્સ્ટ સેન્ચ્યુરી સ્કીલ પર વાય૨૦ ઇન્ડિયા બ્રેઇનસ્ટોર્મિંગ સત્રનું આયોજન કર્યું હતું.

આ કાર્યક્રમ યુવાનોને અર્થપૂર્ણ ચર્ચાઓ, જ્ઞાનના આદાન-પ્રદાન અને વિવિધતા તથા સમાવેશ પર હિમાયત માટે એક મંચ આપવા માટે અને તેઓને આ હેતુ પ્રત્યે માહિતગાર બનાવવા તથા અપડેટેડ માહિતી અને જ્ઞાન વડે તેમને સશક્ત કરવા માટે આયોજિત કરવામાં આવ્યો હતો.

મુખ્ય મહેમાનપદે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર શ્રી હિતેશ મકવાણા, આરઆઈએસના એસોસિયેટ પ્રોફેસર ડો. પંકજ વશિષ્ઠ અને ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમનું ઉદ્ઘાટન થયું હતું.

આ કાર્યક્રમનો મુખ્ય એજન્ડા યુવાનોને ભારતમાં કામના ભાવિ માટે ટેક્નોલોજી દ્વારા ઊભા થતા પડકારોથી સંદર્ભે વિવિધ પાસાં પર ચર્ચા કરવા તથા ગંભીર વિચારણા કરવા માટેનું પ્લેટફોર્મ પૂરું પાડવાનો તથા વિકાસ માટે અત્યાધુનિક તકનીકોના સૌથી અસરકારક ઉપયોગ પર વ્યૂહરચના ઘડવાનો હતો. કાર્યક્રમના ભાગરૂપે વિવિધ પેનલ ડિસ્કશન્સનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. પેનલ ડિસ્કશન્સ અને મંથન ઈન્ડસ્ટ્રી ૪.૦ની પૃષ્ઠભૂમિમાં એમએસએમઈના પડકારો અને ઉકેલો પર કેન્દ્રિત હતું. પેનલના સભ્યો અને ઉપસ્થિત અન્ય લોકોએ પડકારોનો સામનો કરવા માટે જરૂરી ભવિષ્યવાદી કૌશલ્યો પર ચર્ચા કરી હતી.

માનનીય મેયર શ્રી હિતેશ મકવાણાએ તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, "હું યુવાનોને વિકાસના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા માટે આગ્રહ કરું છું. તેઓએ એવા વિચારો, યોજનાઓ અને વ્યૂહરચનાઓ સાથે આવવું જોઈએ જે લાભદાયી માળખું અને સિસ્ટમ બનાવવામાં મદદ કરે છે. હું યુવાનોને વિનંતી કરું છું કે તેઓ એક ધ્યેય નક્કી કરે અને જવાબદારીપૂર્વક તેના તરફનો માર્ગ બનાવે. સમય એ એક આવશ્યક પરિબળ છે અને હું યુવાનોને સલાહ આપું છું કે સમયનો આદર કરો, સ્થિતિસ્થાપક બનો અને સંપૂર્ણ નિષ્ઠા સાથે પોતાના લક્ષ્યોને આગળ ધપાવો."

યુવાઓ ભજવી શકે તેવી મહત્વની ભૂમિકા પર પ્રકાશ પાડતા ડો. પંકજ વશિષ્ઠે કહ્યું, "આ વર્ષે વાય૨૦ સમિટમાં વિવિધ એન્ગેજમેન્ટ ગ્રુપ્સની ભૂમિકા પર ધ્યાન આપવામાં આવ્યું છે. રૂ૨૦ એ એન્ગેજમેન્ટ ગ્રુપ્સ પૈકીનું એક છે જે યુવાનોને તેમના મંતવ્યો અને કામના ભાવિ પર વિચાર મંથન કરવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે. હું ઈચ્છું છું કે યુવાનો આગળ વધે, તેમની આકાંક્ષાઓ અને અવરોધો વિશે ચર્ચા કરે, નવીનતાઓને પ્રાધાન્ય આપે અને સપનાંને અનુસરવા માટે જરૂરી સખત મહેનત કરે."

પ્રેક્ષકોને સંબોધતા ડો. સુનિલ શુક્લાએ કહ્યું, "આપણે આપણા યુવાનોમાં રહેલી યોગ્યતાઓ અને ક્ષમતાઓને પ્રોત્સાહિત કરવી જોઈએ અને તેમને વિકાસમાં સામેલ કરવી જોઈએ. ઈડીઆઈઆઈ એ પ્રક્રિયાનો એક ભાગ બનવાનો વિશેષાધિકાર ધરાવે છે જ્યાં યુવાનોને ઉદ્યોગસાહસિકતા તરફ માર્ગદર્શન આપવામાં આવે છે, જે સંતુલિત વૃદ્ધિ સુનિશ્ચિત કરે છે. યુવા પેઢીને આંત્રપ્રિન્યોરશિપના આ ક્ષેત્ર સાથે પરિચય કરાવવો પડશે, કારણ કે તેઓ નવીનતા અને ટેક્નોલોજી સાથે મજબૂત લગાવ ધરાવે છે, જે આખરે વિકાસ, સ્ટાર્ટઅપ્સ અને વ્યવસાયોનો પાયો છે."